# ગાંધીનગરમાં ગાજ્યો... હર હર મહાદેવનો નાદ

## મહાશિવરાત્રી પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો : સવારથી જ તમામ શિવાલયોમાં ભક્તોનું ઘોડાપુર ઊમટ્યું

ગાંધીનગર, તા. ૧
આજે આખું ગાંધીનગર શિવભક્તિમાં તરબોળ બન્યું હતું. સવારથી ભાવિકો શિવાલય પહોંચ્યા હતા. ત્યાં ભગવાન ભોળાનાથ ને રાજી કરવા ભજન, ધૂન, રૂદ્રી, લઘુરૂદ્ર, મહારુદ્ર જેવા માધ્યમો દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરી હતી. શહેરના શિવાલયો હર હર મહાદેવ..., જય ભોલેનાથ, જય મહાદેવ જેવા જયઘોષોથી ગાંજી ઊઠયા હતા. ધોળેશ્વર મહાદેવથી લઈ વૈજનાથ મહાદેવ સુધીના તમામ શિવાલયો મોડી સાંજ સુધી ભાવિકોથી છલકાયેલા રહ્યા. આરતી, મહાઆરતી, હોમ, હવન અને શિવ ધૂન સતત ગૂંજતા રહ્યા. બે વર્ષના અંતરાલ બાદ ઉજવાતા મહાશિવરાત્રી પર્વમાં ગાંધીનગર અને આસપાસથી ભાવિકોનું ઘોડાપુર ઊમટ્યું હતું. પંચદેવ મંદિરના પ્રાગણમાં યોજાયા લોકમેળામાં પણ સેંકડો ભાવિકો ઊમટ્યા હતા. ધોળેશ્વર અને વાસણિયા મહાદેવ ગ્રામીણ સંસ્કૃતિના હાર્દ સમો લોકમેળો ભારતીય સંસ્કૃતિની ઝલક વ્યક્ત કરતા હતા. બે વર્ષના અંતરાલ બાદ સામાજિક ઉમંગ છલકાવવાના પ્રથમ પર્વે સાચે જ ભક્તિનો મહાસાગર મહાનગરમાં છલકાયો હોય એમ વર્તાતું હતું.

ગાંધીનગરમાં દરેક શિવાલયોમાં શિવજીને પ્રસન્ન કરવા ભવ્ય ઉજવણી કરીને મહાશિવરાત્રીનો પાવન પર્વ ઉજવાયો હતો. શહેરના બજારોમાં ભારે ભીડનો માહોલ જોવા મળ્યો હતો. મહાશિવરાત્રી પર્વમાં ઉપવાસનો મહિમા હોવાના કારણે શક્કરિયા, બટાકાની માંગમાં વધારો થયો હતો.

પંચદેવ મંદિરના લોકમેળામાં શહેરીજનોની ભારે ભીડ ઉમટી હતી જેમાં શ્રદ્ધાળુઓએ મહાદેવના દર્શન કરીને લોકમેળાનો ભરપૂર આનંદ માણ્યો હતો. આ મેળામાં નાના-મોટા ફેરિયાઓએ અવનવી ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ કર્યું. જેમાં નાના બાળકોના રમકડાં, ઘરવખરીની તમામ વસ્તુઓ, કટલરી, ફુલદાની, માટીના વાસણો, વિગેરે... લોકમેળાઓમાં ગેસવાળા ફુગ્ગાઓ, ચકડોળ ન જોવા મળે તો તે લોકમેળો ન કહેવાય... નાના બાળકોના મનપસંદ ફુગ્ગાઓ મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની જાય છે.

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે પૂજાવિધિનું ખૂબ મહત્ત્વ હોવાથી ફૂલબજારમાં ફૂલોની ડિમાન્ડ વધારે રહી હતી. ભગવાન શિવજીને બિલીપત્ર, ગલગોટાનાં ફૂલ ધતુરો, આકડાના ફૂલો, વિગેરે ચડાવવામાં આવતા હોય છે. તેથી માર્કેટમાં આ તમામ ચીજવસ્તુઓ ઉપરાંત દધ અને ભાંગ પણ વધારે વેચાઈ હતી.

શહેરમાં ધોળેશ્વર મહાદેવ, પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ, શ્રીકૃપાનાથ મહાદેવ, ત્ર્યંબકેશ્વર મહાદેવ, પંચમુખી મહાદેવ, સોમનાથ મહાદેવ, સોમેશ્વર મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, પંચેશ્વર મહાદેવ મંદિરોમાં ભાવિ ભક્તોએ મહાશિવરાત્રીના પાવન અસર પર ભગવાન ભોળાનાથજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.





પંચદેવ મંદિર, સેક્ટર-૨૨

## શહેર બન્યું શિવમય...





પંચમુખી મહાદેવ, સે.૫





પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ મેળો

### ફરસાણની દુકાનોમાં ભીડ જામી



મહાશિવરાત્રીના પાવન પર્વમાં ઉપવાસ કરવાનું ખાસ મહત્ત્વ હોવાના કારણે શહેરીજનોએ ઉપવાસમાં ખવાતી ચીજવસ્તુઓની ખરીદી માટે સ્વીટ્, ફરસાણની દુકાનોમાં જમાવટ બોલાવી હતી. બફવડા, ફરાળી ચેવડો, સાબુદાણાની ખીચડી, ફરાળી પેટીસ, ફરાળી વેફર તથા સ્વીટની ખરીદી કરતા શહેરીની દરેક ફરસાણની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી.

### રુદ્રાક્ષની ખરીદી મહાશિવરાત્રી પર્વમાં વધી



રુદ્રાક્ષની ખરીદી મહાશિવરાત્રી પર્વમાં વધી ગઈ હતી. મહાશિવરાત્રીમાં રુદ્રાક્ષની ખરીદી કરીને ભક્તો તેને સિદ્ધ કરાવતા હોય છે તો કેટલાક રુદ્રાક્ષની માળા ધારણ કરતાં હોય છે. રુદ્રાક્ષને ભગવાન શિવનો પ્રસાદ ગણવામાં આવે છે. વિવિધ રત્નોમાં રુદ્રાક્ષનું પોતાનું એક અલગ મહત્ત્વ છે. ભલે તે તમામ પ્રકારના રત્નોની જેમ ચમકદાર ન હોય પરંતુ તેનો પ્રભાવ ચમત્કારિક છે. જે વ્યક્તિ રુદ્રાક્ષની માળાથી શિવની સાધના કરે છે તેને અનંત ફળની પ્રાપ્તિ થાય છે.





સેક્ટર-૫





સમદર્શન આશ્રમ, સે.૧





ઓમકારેશ્વર, સેક્ટર-૪





ધોળેશ્વર મહાદેવ, ધોળેશ્વર







સેક્ટર-3





વૈજનાથ મહાદેવ, સે.૨૧